Saturday
17.08.2024
✳Volume :9 ✳ Issue No.29
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Managing Editor: Arjun Sondarva

✳ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳ Page :04 ✳ Rs. 00.25/- ✳ Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭૮માં સ્વતંત્રતા દિવસના સંબોધનમાં ભારતના ભવિષ્ય માટે મહત્ત્વાકાંક્ષી વિઝન પ્રસ્તુત કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭૮માં સ્વતંત્રતા દિવસનાં તેમનાં ભાષણમાં ભવિષ્યનાં લક્ષ્યાંકોની શ્રેણીની રૂપરેખા રજૂ કરીહતી, જેનો ઉદ્દેશભારતની વૃદ્ધિને આકાર આપવાનો, નવીનતાને વેગઆપવાનો અને વિવિધ ક્ષેત્રોમાં દેશને વૈશ્વિક નેતા તરીકે સ્થાપિત કરવાનો છે.

પ્રધાનમંત્રીના સંબોધનના મુખ્ય મુદ્દાઓ નીચેમુજબ છેઃ

૧. ઈઝ ઓફ લિવિંગ મિશનઃ પીએમ મોદીએ મિશન મોડ પર 'ઈઝ ઓફ લિવિંગ'ને પૂર્ણ કરવાના પોતાના વિઝનની રૂપરેખા આપી હતી. તેમણે વ્યવસ્થિત મૂલ્યાંકન અને માળખાગતસુવિધાઓ અને સેવાઓમાં સુધારા મારફતે શહેરી વિસ્તારોમાં જીવનની ગુણવત્તા વધારવાની વાતકરી હતી.

૨. નાલંદાની ભાવનાનું પુનરુત્થાનઃ પ્રધાનમંત્રીએ પ્રાચીન નાલંદા વિશ્વવિદ્યાલયની ભાવનાને પુનર્જીવિતકરવાનો પ્રયાસકર્યો હતો, જે ઉચ્ચ શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપીને ભારતને વૈશ્વિક શિક્ષણ કેન્દ્ર તરીકે સ્થાન આપે છે. આ ૨૦૨૪માં નાલંદા યુનિવર્સિટીના ઉદઘાટન પર નિર્માણ કરે છે.

૩. મેડ ઈન ઈન્ડિયા ચિપ-સેમિકન્ડક્ટર પ્રોડક્શનઃ પીએમ મોદીએ સેમીકન્ડક્ટર ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બનવાની ભારતની પ્રતિબદ્ધતાની રૂપરેખા આપી હતી, જેનો ઉદ્દેશ આયાત પરની નિર્ભરતાઘટાડવાનો અને તકનીકી આત્મનિર્ભરતાવધારવાનો છે.

૪. સ્કિલ ઈન્ડિયાઃ બજેટ ૨૦૨૪નો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ભારતનાં યુવાનોને તાલીમ આપવા અને દુનિયાની કૌશલ્યની રાજધાની બનવા માટે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી સીમાચિહ્નરૂપ પહેલો પર પ્રકાશ પાડ્યો હતો.

૫. ઔદ્યોગિક ઉત્પાદનનું કેન્દ્રઃ પીએમ મોદીએ ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્રમાંપરિવર્તિત કરવાની, તેના વિશાળસંસાધનો અને કુશળકાર્યબળનો ઉપયોગકરવાની કલ્પના કરી હતી.

૬. "ડિઝાઇન ઇન ઇન્ડિયા, ડિઝાઇન ફોર ધ વર્લ્ડ": પ્રધાનમંત્રીએ સ્વદેશી ડિઝાઇન ક્ષમતાઓમાં વધારો કર્યો હતો અને આ વાક્યને આગળ ધપાવીને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંનેબજારોને પહોંચી વળે તેવા ઉત્પાદનો બનાવવાની વિનંતી કરી હતી.

૭. ગ્લોબલ ગેમિંગમાર્કેટમાં લીડરઃપીએમ મોદીએ કહ્યું કે, મેડ ઈન ઈન્ડિયા ગેમિંગ પ્રોડક્ટ્સ સાથે આવવા માટે ભારતે પોતાના સમૃદ્ધ પ્રાચીન વારસા અને સાહિત્યનો લાભ લેવો પડશે. તેમણે વધુમાં કહ્યુંહતું કે, ભારતીય વ્યાવસાયિકોએ માત્રરમવામાં જ નહીં, પણ રમતોના ઉત્પાદનમાં પણ વૈશ્વિક ગેમિંગ બજારનું નેતૃત્વ કરવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય રમતોએ વિશ્વભરમાં પોતાનુ સ્થાન બનાવવું જોઈએ.

૮. ગ્રીનજોબ્સ અને ગ્રીન હાઇડ્રોજન મિશનઃ પીએમ મોદીએ જળવાયુ પરિવર્તનનો સામનો કરવાના ભારતના પ્રયાસોમાંગ્રીન જોબ્સના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશનું ધ્યાન હવે હરિયાળી વૃદ્ધિ અને હરિયાળી રોજગારી પર કેન્દ્રિત છે, જે પર્યાવરણીય સંરક્ષણમાં પ્રદાન કરવાની સાથેરોજગારીની તકોનું સર્જન કરશે. પ્રધાનમંત્રીએ ગ્રીન હાઇડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક નેતા બનવાની તથા પર્યાવરણનાં સંરક્ષણ અને અક્ષય ઊર્જાનાં ક્ષેત્રોમાં રોજગારીની સ્થાયી તકો ઊભી કરવાની ભારતની કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

૯. સ્વસ્થભારત મિશનઃ પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિકાસશીલ ભારત ૨૦૪૭નાં લક્ષ્યાંકને હાંસલ કરવાભારતે 'સ્વસ્થભારત'નાં માર્ગે ચાલવું પડશે, જેની શરૂઆત રાષ્ટ્રીય પોષણ અભિયાનની શરૂઆત સાથે થઈ હતી.

૧૦. રાજ્ય સ્તરની રોકાણ સ્પર્ધાઃ પ્રધાનમંત્રીએ રાજ્ય સરકારોને રોકાણને આકર્ષવા, સુશાસનની ખાતરીઆપવા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં વિશ્વાસ સુનિશ્ચિત કરવા સ્પષ્ટ નીતિઓ સ્થાપિત કરવાઅપીલ કરી હતી.

૧૧. ગ્લોબલ બેન્ચમાર્ક્સ તરીકે ભારતીય ધોરણોઃ પીએમ મોદીએ ગુણવત્તા પ્રત્યેનીપ્રતિબદ્ધતા માટે માન્યતા પ્રાપ્ત કરવાની ભારતની આકાંક્ષા પર વાત કરતા જણાવ્યું હતું કે, ભારતીય ધોરણોએ આંતરરાષ્ટ્રીય માપદંડો બનવાની આકાંક્ષા રાખવી જોઈએ.

૧૨. આબોહવામાં પરિવર્તનનો લક્ષ્યાંકઃ પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ગિગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતાહાંસલ કરવાનાં ભારતનાંમહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, જી-૨૦ દેશોમાં ભારત એકમાત્ર એવો દેશ છે કે જેણે પેરિસ સમજૂતીનાં લક્ષ્યાંકો હાંસલ કર્યા છે.

૧૩. મેડિકલ એજ્યુકેશન એક્સપાન્શનઃ પીએમ મોદીએ આગામી ૫ વર્ષમાં ૭૫,૦૦૦ નવી મેડિકલ બેઠકો ઉમેરવાની યોજનાની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ દેશની તબીબી શિક્ષણ ક્ષમતામાં વધારો કરવાનો અને હેલ્થકેર પ્રોફેશનલ્સની વધતી માંગને પહોંચી વળવાનો છે.

૧૪. રાજકારણમાં નવા લોકોનો સમાવેશ કરવોઃ પીએમ મોદીએ ૧ લાખ યુવાનોને રાજકીય પ્રણાલીમાં લાવવાનું આહ્વાન કર્યું હતું, ખાસ કરીને એવા લોકો જેમના પરિવારમાં રાજકારણનો કોઈ ઈતિહાસ નથી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પહેલનો ઉદ્દેશ સગાવાદ અને જ્ઞાતિવાદનાં અનિષ્ટો સામે લડવાનો તથા ભારતની રાજનીતિમાં નવું લોહી સામેલ કરવાનો છે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના યોગદાનમાં સુશાસનના સપ્તર્ષિ સંકલ્પોથી અગ્રેસર રહેવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનું આહવાન

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં રાજ્યના વધુ લોકોને આવરી લેવા જરૂરતમંદ પરિવારોની માસિક આવકની મર્યાદા રૂ. ૧૫ હજારથી વધારીને રૂ. ૨૦ હજાર કરાશે

કમલમ્ ન્યૂઝ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતનાનિર્માણ માટેની વડાપ્રધાનશ્રીની નેમનેસાકાર કરવા માટે વિકસિત ગુજરાતના યોગદાનમાં સુશાસનના સાત સપ્તર્ષિ સંકલ્પોથી અગ્રેસર રહેવા રાજયવાસીઓને આહવાન કર્યું છે.સરદાર સાહેબની જન્મ ભૂમિ ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાંમુખ્યમંત્રીશ્રીએ ૭૮મા સ્વાતંત્ર્ય પર્વનીરાજ્ય ઉજવણીમાં ત્રિરંગો લહેરાવી ધ્વજ વંદના કરાવતાંસુગમતા, સરળતા, સંપર્ક, સમર્પણ, સહભાગિતા, સશક્તિકરણ અને સુરક્ષા એમ સુશાસનના સાતસપ્તર્ષિ સંકલ્પોની વિભાવના સ્પષ્ટ કરી હતી આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, જેમ આઝાદીના જંગમાં ગુજરાત મહાત્મા ગાંધી અને સરદાર સાહેબના નેતૃત્વમાંપથદર્શક બન્યું હતું, તેમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આ સુશાસન સપ્તર્ષિથી ગુજરાત પથદર્શક બનશે. મુખ્યમંત્રીશ્રીએ આરાષ્ટ્રીય પર્વેપ્રજાજનોને આપેલા પ્રેરકસંદેશમાં સુશાસન સંબંધિત બે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. રાજ્યમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સંગીન બનાવવા માર્ગોના વિસ્તૃતિકરણ અને મજબૂતીકરણ માટે રૂ. ૫૦૧૭ કરોડની ફાળવણીની જાહેરાત કરી હતી. એટલું જ નહી, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્નયોજનામાં રાજ્યના વધુ લોકોને આવરી લેવાના હેતુથી જરૂરતમંદ એન.એફ.એસ.એ. પરિવારોની માસિક આવકની મર્યાદા રૂ. ૧૫ હજારથી વધારીને રૂ. ૨૦હજાર કરવાનીપણ તેમણે ઘોષણા કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સુશાસનના જે સાત સપ્તર્ષિ સંકલ્પોના પાયા ઉપર ગુજરાતને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપનારૂ રાજ્ય બનાવવું છે, તે પરિપ્રેક્ષ્યમાં ઉમેર્યું કે, સુગમતા-સરળતાના સંકલ્પથી લોકહિત યોજનાઓનો લાભ મેળવવામાં કોઈને અગવડ ના પડે તેવી "ફ્રિક્સન લેસ" ગવર્નન્સવ્યવસ્થા વધુ સંગીન બનાવવી છે. સુશાસનના ત્રીજા સંકલ્પ સંપર્ક અંતર્ગત આધુનિક સંપર્કના માધ્યમોથી લોકો પોતાની રજૂઆતો સરકાર સુધી ઝડપભેર અને સરળતાથી પહોંચાડી શકે અને સરકાર પણ સામે ચાલીને તેનું સમાધાન લાવે તેવા પ્રયત્ન કરાશે. આ માટે ડિઝીટલ ગુજરાત, સ્વાગત ઓનલાઈન, સીએમ ડેશબોર્ડ વોટ્સએપ બોટ, રાઈટ ટુ સીએમ સહિતના પ્રજા અને પ્રશાસન વચ્ચેના સંપર્ક માધ્યમોને વધુ અદ્યતન ટેકનોલોજીથી સજ્જ કરાશે, તેમ તેમણે ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, અમે નાગરિકોની સેવામાં સમર્પિત છીએ. નેશન ફર્સ્ટના ભાવથી કામ કરીદરેક ગુજરાતીમાંદેશ પ્રત્યેનો ભાવબળવત્તર બનેતેવો સરકારનો ધ્યેય છે. "મારૂં ગુજરાત, સર્વશ્રેષ્ઠ ગુજરાત"ના ભાવ સાથે વિકાસની પ્રક્રિયામાંલોકસહભાગિતાની વૃદ્ધિ માટે પણ તેમણે આહવાન કર્યું હતું. વિકાસના કેન્દ્ર બિંદુ એવા વિવિધ વંચિત વર્ગોઆદિજાતિ, મહિલાઓ તથા ગરીબોના સશક્તિકરણનો સુશાસન સપ્તર્ષિના છઠ્ઠા સંકલ્પ તરીકે મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સુરક્ષા સંબંધિત સુશાસન સંકલ્પ અંગે ઉમેર્યુંકે, વિકાસના પાયામાં સુરક્ષા, સલામતી અને શાંતિ રહેલા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ દેશ અને રાજયના નાગરિકોની સુરક્ષા માટે કાયદો તથા વ્યવસ્થાવધુ સંગીન બનાવવા જૂનાકાયદાઓમાં સુધારોકરી ત્રણ નવા કાયદાઓ અમલમાં બનાવવામાં આવ્યાછે. ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય વિધેયક એમ ત્રણ નવા કાયદાઓ હવે અમલી થતાં સમગ્ર દેશમાં એક જ ન્યાયદંડ સંહિતા લાગુ થઈછે. આ નવા કાયદાઓથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી બનશે અને લોકોની સલામતીમાટે યોગ્ય પગલાંલઈ શકાશે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, મહાત્મા ગાંધી અને સરદાર સાહેબે દેશને સ્વરાજ્ય અપાવ્યુંઅને ગુજરાતનાબે પનોતા પુત્રવડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે સ્વરાજ્યની યાત્રાને સુરાજ્યનીયાત્રામાં પ્રેરિત કરી છે. સુરાજ્ય – સુશાસન દ્વારા હવે તેમણે વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે, તેમાં આપણે સહભાગી થતાં ગુજરાતને પણ વિકસિત ગુજરાત બનાવશું. વિકસિત ગુજરાત @૨૦૪૭ નું દિશાદર્શન કરાવતો વિઝન ડોક્યુમેન્ટ રાજ્ય સરકારે અર્નિંગ વેલ અને લિવિંગ વેલના બે મુખ્ય આધાર પર તૈયાર કર્યો છે. તેની ભૂમિકા આપતા શ્રી પટેલે કહ્યું કે, ગુજરાત અને ગુજરાતીઓ વેપરવાણિજ્યમાં અગ્રેસર રહ્યાછે. કૃષિ, ઉદ્યોગ, સેવાસહિતના ક્ષેત્રોના વિકાસ અને તમામ નાગરિકોની આર્થિક પ્રગતિનો ધ્યેય પણ રાજ્ય સરકારે રાખ્યો છે. વાયબ્રન્ટ ગુજરાત અને પોલીસી ડ્રિવન એપ્રોચથી ગુજરાતનો આર્થિક પાયો મજબૂત થયોછે. "અર્નિંગ વેલ"ની દિશામાં રાજ્યમાં અનેક યોજનાઓના અમલીકરણ થકી નેત્રદીપક કામગીરી થઈ રહી છે. વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી આવૃત્તિની સફળતાને પગલે ગુજરાત 'ગ્લોબલ ડેસ્ટિનેશન ફોર સેમિકંડક્ટર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ' તરીકે સ્થાપિત થઈ રહ્યુંછે અને આ ક્ષેત્રમાં રૂ. એક લાખકરોડથી વધુનું રોકાણ થયું છે. એટલું જ નહીં, ભારતની પહેલી સેમિકન્ડક્ટર ચિપનું નિર્માણ ગુજરાતમાં થવાનું છે. ગ્રીનગ્રોથ-રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતનું મહત્વનું યોગદાન રહેવાનું છે. ઉક્તબાબતમાં તેમણે ઉમેર્યું કે, ગુજરાત રિન્યૂએબલ એનર્જી ક્ષેત્રે અગ્રેસર રાજ્ય છે. કચ્છમાં વિશ્વના સૌથી મોટા ૩૦ ગીગાવોટના સોલાર-વિન્ડ હાઈબ્રીડ એનર્જી પાર્કનું નિર્માણ ઝડપથીપૂર્ણ કરવાગુજરાત પ્રતિબદ્ધ છે. પીએમ સૂર્યઘર મુફ્ત બિજલી યોજના અંતર્ગત રહેણાંક મકાનોમાં સોલાર રૂફટોપ સિસ્ટમના અમલીકરણમાંદેશભરમાં ગુજરાત અગ્રેસર છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે "લિવિંગવેલ"ની વિભાવના સ્પષ્ટ કરતા કહ્યું કે, નાગરિકોનું જીવન ધોરણ ઉંચુ આવે અને ઈઝ ઓફ લિવિંગ વધે તે માટે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ એમ સમાજના ચાર સ્તંભોને કેન્દ્ર બિંદુમાં રાખવામાં આવ્યા છે. પીએમ આવાસ યોજના હેઠળ ૫.૫૬ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરીને ગરીબોને આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, કોઈ ભૂખ્યું ના સુવે તેની કાળજી રાખીને વડાપ્રધાનશ્રીએ પીએમ ગરીબ કલ્યાણ અન્નયોજના વધુપાંચ વર્ષ લંબાવી છે અને ગુજરાતમાં કરોડો લોકોને તેમાં આવરીલેવામાં આવ્યા છે. શ્રમિકો માટે અન્નપૂર્ણા યોજના, બસેરાની વ્યવસ્થા કરીરોટલોઅને ઓટલો બેય આપ્યા છે. આદિજાતિઓનાસર્વગ્રાહી કલ્યાણ માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં એમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શરૂ કરેલીરૂ. એક લાખકરોડની વનબંધુ કલ્યાણ યોજનાથી આદિવાસી સમુદાયના જીવનમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. આપણે એ યોજનાનીસફળતાને પગલે વનબંધુ કલ્યાણ યોજના – ૨, ૨૦૨૧થી ૨૦૨૬ રૂ. એક લાખ કરોડની જોગવાઈ સાથે શરૂ કરી છે, તેમ તેમણે ઉમેર્યુંહતું. રાજ્યના યુવાનો માટે કૌશલ્ય વર્ધન, સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ, પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન, ૪૫લાખ ખેડૂતોને કિસાન સન્માન નિધિ, ૧૫ લાખ ખેડૂતોને સુક્ષ્મ સિંચાઈ યોજનાનો લાભ, સુજલામ સુફલામ જળ સંચય અભિયાનથી ૧૧૨૩ લાખ ઘનફૂટ વધુ જળ સંગ્રહ ક્ષમતા, આયુષ્યમાન કાર્ડ, ૩.૧૩ લાખ મહિલાઓનું સખી મંડળોમાં જોડાણ સહિતની વિકાસલક્ષી બાબતોનો ચિતાર મુખ્યમંત્રીશ્રીએ આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ સ્વતંત્રતાના સેનાનીઓનું સ્મરણ કરી આઝાદી પર્વની સૌનો શુભકામનાઓ આપી હતી. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં વિકસિત ભારત જ ૨૦૪૭ માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં ટીમ ગુજરાતના અવિરત પુરુષાર્થઅને જનજનના સહયોગથી સુશાસનના સપ્તર્ષિ સંકલ્પો સાથેનુ વિકસિત ગુજરાત બનાવવાના દ્રઢ નિર્ધારનો તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. મુખ્ય સચિવ શ્રી રાજ કુમાર અને પોલીસ મહાનિદેશક શ્રી વિકાસ સહાય મુખ્યમંત્રીશ્રીને પોડિયમ તરફ દોરી ગયા હતા. વાયુસેનાના હેલીકોપ્ટરે રાષ્ટ્રધ્વજ ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લી જીપમાં પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ વિભાગ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાંઆવી હતી. મુખ્યમંત્રીએ વડાપ્રધાનશ્રીએ એક પેડ મા કે નામના આપેલા કોલને ચરિતાર્થ કરવા ખેડાજિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ દ્વારા નિર્મિત ચાર હજાર વૃક્ષોના કર્મયોગીવનનું લોકાર્પણ કર્યું હતું. આ ધ્વજ વંદન સમારોહમાં સાંસદશ્રી દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્યો સર્વશ્રી પંકજભાઈ દેસાઈ, રાજેશ ઝાલા, અર્જુનસિંહ ચૌહાણ, યોગેન્દ્રસિંહ પરમાર, કલ્પેશભાઈ પરમાર, સંજયસિંહ મહિડા, નડિયાદ નગરપાલિકા પ્રમુખશ્રી કિન્નરીબેન શાહ, તાલુકા પંચાયત પ્રમુખ મેઘાબેન પટેલ, અધિક મુખ્ય સચિવ સુનયના તોમર, પ્રભારી સચિવ શ્રી આર.સી.મીના, વરિષ્ઠ અધિકારીઓ, કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. ડી. વસાવા, પદાધિકારીઓ, અગ્રણીઓ, નાગરિકો ઉપસ્થિતરહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

આ સ્વતંત્રતા દિવસે સમગ્ર ગુજરાતમાં ૮૮૯૭પોસ્ટ ઓફિસની રેકોર્ડ સંખ્યામાં ડાક ચોપાલ યોજાશે. તે અત્યાર સુધીની સૌથી મોટી સિંગલ-ડે ઈવેન્ટ હશે, જેમાં મુખ્ય સ્થળોએ વિવિધ પોસ્ટલ સેવાઓ પર આધાર સેવાઓ (મોબાઈલ અપડેટ, આધાર સીડિંગ અને ચાઈલ્ડ એનરોલમેન્ટ) અને પીએમકિસાન યોજના, પીએમ જીવન જ્યોતિવીમા યોજના જેવી સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવશે. રાષ્ટ્રવ્યાપી હર ઘર તિરંગા ૨૦૨૪ અભિયાનના ભાગ રૂપે, ગુજરાત પોસ્ટલસર્કલ દ્વારા ગુજરાત, દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવની તમામ મુખ્ય પોસ્ટ ઓફિસોમાં ૧૪ ઓગસ્ટ સુધી ૨૫ રૂપિયાની કિંમતે રાષ્ટ્રીય ધ્વજના વેચાણની વ્યવસ્થા પણ કરી છે. ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ શ્રી ગણેશ સાવલેશ્વરકરે ગુજરાત, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના લોકોને તેમની નજીકની પોસ્ટ ઓફિસમાં ધ્વજવંદન સમારોહમાં જોડાવા અને ડાક ચૌપાલોમાં ભાગ લેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે પોસ્ટ ઓફિસો માત્ર સરકારી કચેરીઓ નથી, પરંતુ વાઈબ્રન્ટ કોમ્યુનિટી સેન્ટર્સ છે જે દરેક માટે સુલભ હબ તરીકે સેવા આપે છે.

પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળ મંત્રી સી. આર. પાટીલ દ્વારા સુરત જીલ્લા ભાજપ મહામંત્રી જીગર નાયક ના જાહેર મંચ પર વખાણ કર્યા

કાર્યલયના નિર્માણમાં એમની ખૂબ મહેનત હતી. બીજા મહામંત્રીઓ સાથે એમની સક્રિયતાનેકારણે જે પ્રમુખો રોજેરોજ ધ્યાન ન આપી શકે પરંતુ એનું ફોલોઅપ જીગર નાયક એમણે કર્યુ: સી.આર.પાટીલ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ

કમલમ્ ન્યુઝ,

તાજેતરમાં બારડોલી ખાતે સુરત જિલ્લા ભાજપના અત્યાધુનિક મધ્યસ્થ કાર્યાલય 'કમલમ'નું ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળ મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતા માં લોકાર્પણ કરાયું હતું. તેમણે પોતાના વકતવ્યમાં કાર્યાલયનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આપ સૌના આશીર્વાદથી મને જવાબદારી મળી ત્યારથી આપણે જીત તો મેળવતા ગયા પણ સાથે સાથે એક પછી એક કાર્યાલયનું નિર્માણ થાય અને ભવ્ય કાર્યાલય બને તેની અંદર બધી જ વ્યવસ્થા હોય મોર્ચાના પ્રમુખને કેબીન એ તો આખા દેશમાં ફક્ત ગુજરાતમાં જ સંભવ થયું છે. અહીં એમને સ્વતંત્ર કેબીન મળી છે.

મોર્ચાના કાર્યકર્તાનું મહત્વ કેટલું છે. તે અહીં સંદિપ ભાઈ, જીગરભાઈ, મુકેશ ભાઈએ સમજાવ્યું છે. અને વ્યવસ્થા પણ કરી છે. તેમણે સુરત જિ. ભાજપના મહામંત્રી જીગર નાયકના પણ વખાણ કરતાં જણાવ્યું કે કાર્યાલયના નિર્માણમાં એમની ખૂબ મહેનત હતી. બીજા મહામંત્રીઓ સાથે એમની સક્રિયતાને કારણે જે પ્રમુખો રોજેરોજ ધ્યાન ન આપી શકે પરંતુ એનું ફોલોઅપ એમણે કર્યું છે. અને ઘણા દાતાઓએ અહીં આર્થિક મદદ પણ કરી હોવાનું જણાવ્યું હતું. આમ સી.આર. પાટીલ નાના કાર્યકરોને હંમેશા યાદ રાખતા હોય છે અને સમય આવ્યે તેમની કામગીરીને બિરદાવતા પણ હોય છે. જીગર ની કામગીરી ખરેખર પ્રશંસા પાત્ર છે અને પક્ષના અન્ય કાર્યકરો માટે પણ તેઓ પ્રેરણારૂપ

પ્રધાનમંત્રી મોદીનું સંબોધન છેલ્લા ૧૦ વર્ષની સફળતાઓથી પ્રેરિત થઈને દેશને આગળ લઈ જવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે

પ્રધાનમંત્રી મોદીનું સંબોધન માત્ર ક્ષિતિજ પરના તેજસ્વી ભાવિનું વિહંગાવલોકન જ નથી કરતું, પરંતુ ભારતને અતૂટ વિશ્વાસની શક્તિ પણ જગાડે છે કે તે આ જ સિદ્ધ કરી શકે છે

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ૭૮મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સંબોધનને વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવાના સરકારના સંકલ્પનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. એક્સ પ્લેટફોર્મ પરની તેમની પોસ્ટમાં, શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે "૭૮માં સ્વતંત્રતા દિવસના અવસરે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું સંબોધન એક વિકસિત અને આત્મનિર્ભર ભારતના નિર્માણ પ્રત્યેના સરકારના સંકલ્પનું પ્રતિબિંબ છે. અક્ષય ઉર્જાના માધ્યમથી આત્મનિર્ભરતા, એક રાષ્ટ્ર-એક ચૂંટણી, સમાન નાગરિક સંહિતા, તબીબી શિક્ષણનું વિસ્તરણ, ઔદ્યોગિક ઉત્પાદન અને 'ડિઝાઇન ઇન ઇન્ડિયા', તેમજ સ્વંય સહાયતા જૂથોના માધ્યમ દ્વારા મહિલા સશક્તિકરણ જેવા વિષયો પર પ્રકાશ નાખતા મોદીજીનું સંબોધન છેલ્લા ૧૦ વર્ષની સફળતાઓથી પ્રેરિત થઈ દેશને આગળ લઈ જવાની તેમની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. હું તમામ દેશવાસીઓને આગ્રહ કરું છું કે તેઓ આ સંબોધનને સાંભળે અને એક સશક્ત ભારતના નિર્માણનો સંકલ્પ કરે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે, "પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનું સંબોધન માત્ર ક્ષિતિજ પરના તેજસ્વી ભવિષ્યનો વિહંગમ દ્રષ્ટિકોણ જ દર્શાવે છે, પરંતુ ભારતમાં અતૂટ વિશ્વાસની શક્તિ પણ જગાવે છે કે તેઓ તેને પ્રાપ્ત કરી શકે છે. છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતે પાઠ્યક્રમ સુધારણા દ્વારા સ્વ-પરિવર્તનની સફર નક્કી કરી છે, તે નાગરિક-સંચાલિત શાસન સાથેનું નવું ભારત છે. આ એક નવું ભારત છે જે દ્રઢપણે માને છે કે ૧૪૦ કરોડ નાગરિકો ચોક્કસપણે મહાનતા, સમૃદ્ધિ અને પ્રગતિ પ્રાપ્ત કરી શકે છે જેને તેઓ લાયક છે.

કમલમ્ન્યુઝ,બીનાપટેલ

ગુજરાતરાજ્ય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગદ્વારા બોરસદતાલુકાના કસુંબાડ ખાતે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક શ્રી રમણભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય શાખા પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલ, જિલ્લા અધિકારી શ્રી ડૉ દિપકભાઈ પરમાર, જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ પૂર્વસીબેન નાયક, સહિત અધિકારી ગણ, સરપંચ શ્રી રંજનબેન ચૌહાણ, ગામના આગેવાન અરવિંદભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૭૮ મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૭૮ મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, સેક્ટર-૧૭ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરા પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, ડેપ્યુટી મેયરશ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી ગૌરાંગભાઈ વ્યાસ, મ્યુનિસિપલ કમિશનરશ્રી જે. એન. વાઘેલા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ, શાસક પક્ષના નેતાશ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર, શહેર મહામંત્રીશ્રીઓ સહિતના મહાનુભાવો ઉપરાંત ગાંધીનગરના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. માન. મેયરશ્રી દ્વારા કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન દ્વારા કરવામાં આવી. ત્યારબાદ તેમના દ્વારા ઉપસ્થિત મહેમાનો સમક્ષ ઉદબોધન આપવામાં આવ્યુ. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ચાલી રહેલ તેમજ ભવિષ્યમા કરવામાં આવનાર વિકાસ કાર્યોની વિસ્તૃત માહિતી ઉપસ્થિત મહેમાનો સમક્ષ રજુ કરી. જેમાં "માન. મેયરશ્રી દ્વારા બાળકોના આરોગ્યની ચિંતા કરીને ગાંધીનગર મહાનગર-પાલિકામાં સમાવિષ્ટ કરવામાં અવેલ ૩૨ શાળાઓમાં માન. મેયરશ્રીની ગ્રાન્ટમાંથી આર.ઓ અને વોટર કુલરની સુવિધા અપવામાં આવશે." તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત "પેથાપુર કુમાર શાળા નં.૦૨", "વિષેશ એજ્યુકેશન ટ્રસ્ટ" ના દિવ્યાંગ બાળકો તથા "સમર્પણ ચેરિટેબલ ટ્રસ્ટ" ના બાળકો દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દે તેવી વિવિધ દેશભક્તિની કૃતિઓ રજૂ કરવામાં આવી. જે આ કાર્યક્રમમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા. ત્યારબાદ આ તમામ શાળા /ટ્રસ્ટને રોકડ ઈનામ તથા સર્ટીફિકેટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત નેશનલ પેરા એથલેટીક્સ ચેમ્પયનશીપમાં ૦૨ ગોલ્ડ મેડલ મેળવીને ગાંધીનગરનું નામ રોશન કરનાર શ્રી હિતાર્થ ધર્મેશકુમાર સોનીને માન. મેયરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ તથા નાની વયે ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે સિધ્ધીપ્રાપ્ત કરી ગાંધીનગરનું નામ રોશન કરનાર શ્રી હર્ષ રૂપેશ પરીખને પણ માન. મેયરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત ગાંધીનગર મહાનગર-પાલિકાના ઉત્કૃષ્ટ કામગીરી કરતાં કર્મયોગીશ્રીઓને પ્રમાણપત્ર તથા ઉત્કૃષ્ટ કામગીરી કરતાં સફાઈ કર્મયોગીઓને રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સોશિયલ મીડિયા માધ્યમ થકી સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને શહેરી સુવિધાઓ બાબતે સતત લોક જાગૃતિનું કાર્ય કરનાર સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સરસને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાંઆવ્યા હતા.

ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને કચ્છના ગાંધીધામ ખાતે ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી

ગાંધીધામ તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાને એનાયત કરતા ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

વિશિષ્ટ કામગીરી કરનારા કર્મયોગીઓ, પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો, રમતવીરોનું ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત દ્વારા સન્માન

કમલમ્ ન્યુઝ,ભુજ

ઉદ્યોગ, લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોઉદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છના ગાંધીધામ શહેરમાં રમતગમત સંકુલ ખાતે તિરંગાને સલામી આપીને ૭૮મા સ્વાતંત્ર્ય પર્વની નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. સ્વાતંત્ર્ય પર્વની જિલ્લાકક્ષાની ઉજવણી નિમિત્તે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કચ્છ એ પંડિત શ્યામજી કૃષ્ણવર્માની જન્મભૂમિ, ગાંધીજીની સમાધિ અને સરદાર પટેલ સાહેબની યાદો સાથે જોડાયેલો જિલ્લો છે. ગાંધીધામની ધરતી પરથી ભારતની આઝાદીમાં યોગદાન આપનાર તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને યાદ કરીને મંત્રીશ્રીએ તેમને શત્ શત્ નમન કર્યા હતા. મંત્રીશ્રીએ મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, લોકમાન્ય તિલક, ડૉ.બાબાસાહેબ આંબેડકર, વીર સાવરકર, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, રાજગુરુ, સુખદેવ સહિત આઝાદીના નામી-અનામી શહીદોને વંદન કર્યા હતા. મહામૂલ્ય આઝાદી આપણને પ્રાપ્ત થઈ છે તેનું જતન અને સંરક્ષણ કરવું સૌ નાગરિકો અને દેશવાસીઓની ફરજ છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે કચ્છ જિલ્લાની ખમીરીને બિરદાવી જણાવ્યું હતું કે, કચ્છમાં અત્યાર સુધી વાવાઝોડા, દુકાળ અને ભયાનક ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ આવી છે. કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર આ આફતોનો સામનો કર્યો છે. મંત્રીશ્રીએ ભૂકંપમાં જીવ ગુમાવનારા લોકોને શ્રદ્ધાંજલી આપીને તેમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. કચ્છ જિલ્લાની વિકાસયાત્રાનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને આપીને મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦૦૧ના ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના દૂરંદેશી વિચારને પરિણામે કચ્છનો અદભૂત અને ઐતિહાસિક વિકાસ થયો. "મા નર્મદા" ના પાણી આવવાથી ખારા અને સૂકા કચ્છપ્રદેશના લોકોના જીવનમાં મહત્વપૂર્ણ પરિવર્તન આવ્યા અને આ વિસ્તાર હરિયાળો બન્યો છે. રણોત્સવ, પતંગોત્સવ જેવા ઉત્સવો અને કચ્છી મહિલાઓની હસ્તકલાને કારણે પ્રવાસનના હબ તરીકે કચ્છ જિલ્લાને સ્થાન મળ્યું છે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ વિશ્વમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે તેમ વિશ્વાસ? સાથે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સૌથી મોટો ઉર્જા ગીગા વોટનો સોલાર-વિન્ડ એનર્જી પાર્ક કચ્છમાં આકાર લઈ રહ્યો છે. જે સમગ્ર વિશ્વમાં રિન્યુએબલના ક્ષેત્રને એક નવી દિશા આપશે. કંડલા અને મુન્દ્રા બંદરોનો વિકાસ, કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ અને મૂડીરોકાણ, હવાઈમાર્ગ-રેલમાર્ગની સુદ્રઢ કનેક્ટિવિટી, શૈક્ષણિક, સહકારી, આરોગ્ય, પશુપાલન, કૃષિ, આંતરમાળખાકીય સવલતો, પ્રવાસન, ઔદ્યોગિક, રોજગારી અને હસ્તકલા-કારીગરી ક્ષેત્રે થયેલા ઐતિહાસિક કામોનો મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ વિકાસકામો થકી નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર કચ્છ અને તમામ કર્મયોગીઓને મંત્રીશ્રીએ અભિનંદન આપ્યા હતા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં કેન્દ્ર સરકારે દેશમાં સામાજિક, આર્થિક, માળખાકીય, નીતિગત સુધારાઓ દ્વારા "નયા ભારત" ના નિર્માણની નવી ગાથા શરૂ કરી છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતુ. આઝાદીના અમૃતકાળ" ભારત માટે ક્રાંતિકારી અને પરિવર્તનકારી છે. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વડાપ્રધાનની વિઝન હેઠળ ભૂપેન્દ્રભાઈની સરકારે દરેકને પોતાનું ઘર હોય, ઘર સુધી વીજ પુરવઠો હોય, પીવાનું સ્વચ્છ પાણી હોય, શૌચાલય હોય, ઘરમાં ગેસ સિલિન્ડર હોય, ગરીબને અન્ન મફત મળતું હોય, ગામ-શહેર સ્વચ્છ હોય, વ્યક્તિનું બેંકમાં ખાતુ હોય, યોજનાના નાણાં બેંક ખાતામાં આવે અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધા હોય તેમ સુનિશ્ચિત કર્યુ છે. મંત્રીશ્રીએ મંચ પરથી સરકારશ્રીની જનકલ્યાણની પ્રતિબદ્ધતા વિશે જણાવતા કહ્યું કે, આજે ગરીબ, યુવાનો, ખેડૂતો અને નારીશક્તિ સહિત સમાજના તમામ વર્ગો માટે વિવિધ કલ્યાણકારી અને વિકાસલક્ષી યોજનાઓ અમલમાં છે. ખેડૂતોની આવક બમણી થાય, માલ-સામાનની ઉત્તમ કિંમત મળે તે માટે સરકાર કટિબદ્ધ છે. ખેડૂતોની મહેનતનું પરિણામ એ છે કે, એક સમયે ખાદ્યચીજોની આયાત કરતો ભારત ફૂડ માટે સરપ્લસ દેશ બની ગયો છે. દૂધ, દાળ, મસાલાના સૌથી મોટા ઉત્પાદક તરીકે ભારત ઓળખાય છે. ઓછા પાણીથી ખેતી અને પ્રાકૃતિક ખેતી તરફ પણ આપણે આગળ વધી રહ્યા છીએ. ભારતના 'મિલેટ' અભિયાનને વિશ્વએ સ્વીકાર્યું છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તમામ ક્ષેત્રો અને તમામ જિલ્લાઓમાં સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. ધાર્મિક સ્થાનોના વિકાસ, સરકારી યોજનાઓનું અમલીકરણ, બિનઅસરકારક કાયદાની નાબૂદી, મહિલા સશક્તિકરણ, રોજગારી સર્જન, સ્કીલ ડેવલપમેન્ટ, મફત આરોગ્ય સુવિધાઓ, નાગરિકોને ઘરના ઘર માટે આર્થિક સહાય, બિઝનેસ ફ્રેન્ડલી પોલીસી, ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમિના લક્ષ્યાંક, વાઈબ્રન્ટ ગુજરાત, માળખાગત સુવિધાઓનો વિકાસ વગેરે આગામી સમયમાં ભારતના વિકાસમાં મહત્વનો ભાગ ભજવશે. કચ્છના હંમેશા વિકાસથી ધમધમતું રહેશે એવા વિશ્વાસ સાથે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, સાંસ્કૃતિક, ધાર્મિક, પ્રવાસન અને વ્યાપાર કેન્દ્રો ધરાવતા કચ્છની ધરતીમાં ઘણી ઊર્જા અને સાહસ છે. કચ્છની વિકાસની યાત્રા સાથે આપણે "વિકસિત ગુજરાતથી વિકસિત ભારત" બનાવવા કટિબદ્ધ બનીએ તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. કોઈપણ પ્રકારના ભેદભાવ રહિત, સમતોલ વિકાસ સાથેના નયા ભારત, વિશ્વબંધુ ભારતનું નિર્માણ કરવા સૌ કટિબદ્ધ બનીએ એવી અભિલાષા સાથે સૌને નાગરિકોને ઉદ્યોગમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ પોલીસ વિભાગ દ્વારા આયોજિત પરેડનું નીરિક્ષણ કરીને નાગરિકોને અભિવાદન ઝીલ્યું હતું.? આ પ્રસંગે મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ જિલ્લાની વિવિધ સ્કૂલના બાળકો દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. પોલીસ વિભાગ દ્વારા 'ડૉગ શૉ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ગાંધીધામ તાલુકાના વિકાસ માટે રૂ.૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટરશ્રીને એનાયત કર્યો હતો. વિશિષ્ટ સેવા બદલ કર્મયોગીઓ, આરોગ્ય કર્મચારીઓ, રમતવીરો, પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતો અને અંગદાતાઓનું ઉદ્યોગ મંત્રીશ્રીના વરદહસ્તે મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મંત્રીશ્રી સહિત મહાનુભાવોએ રમતગમત ગ્રાઉન્ડ પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે કચ્છ મોરબી સાંસદશ્રી વિનોદભાઈ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજા, ધારાસભ્યશ્રી સર્વ શ્રીમતિ માલતીબેન મહેશ્વરી, શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી કેશુભાઈ પટેલ, ગાંધીધામ નગરપાલિકા પ્રમુખશ્રી તેજસભાઈ શેઠ, તાલુકા પંચાયતના પ્રમુખશ્રી શાંતાબેન બાબરિયા, અગ્રણીશ્રી ધવલભાઈ શાહ, જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર, નિવાસી અધિક કલેક્ટરશ્રી મિતેશ પંડ્યા, મદદનીશ કલેક્ટરશ્રી સુનિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખ, તાલીમી સનદી અધિકારીશ્રી ઈ. સુસ્મિતા સહિત પદાધિકારીશ્રીઓ, જિલ્લા અને તાલુકા ઉચ્ચ અધિકારીશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્યોગમંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

- **અનેક વીરોના બલિદાનથી પ્રાપ્ત થયેલી આઝાદીનું જતન અને સંરક્ષણ કરવું સૌ નાગરિકોની ફરજ**
- **કચ્છના લોકોએ હંમેશા જુસ્સાભેર વાવાઝોડા, ભૂકંપ, દુકાળ જેવી આફતોનો સામનો કર્યો છે**
- **૨૦૦૧ના ભૂકંપ બાદ વડાપ્રધાનશ્રીના દૂરંદેશી વિચારના પરિણામે કચ્છનો અદ્ભુત અને ઐતિહાસિક વિકાસ થયો**
- **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્ય સરકાર તમામ ક્ષેત્રે સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ**
- **મા નર્મદા"ના પાણી અવતરણથી ખારા અને સૂકા કચ્છપ્રદેશના લોકોના જીવનમાં મહત્વપૂર્ણ પરિવર્તનો આવ્યા છે**
- **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં દેશમાં સામાજિક, આર્થિક, માળખાકીય, નીતિગત સુધારાઓથી "નયા ભારત"ના નિર્માણની ગાથા શરૂ થઈ છે**
- **સાંસ્કૃતિક, ધાર્મિક, પ્રવાસન અને વ્યાપાર કેન્દ્રો ધરાવતા કચ્છની ધરતીમાં ઘણી ઊર્જા અને સાહસ**
- **રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે કચ્છ વિશ્વમાં મુખ્ય કેન્દ્ર બની રહેશે**

સ્વતંત્રતા દિવસ માત્ર એક તહેવાર નથી, પરંતુ આદર અને સન્માનનું પ્રતીક છે- પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

પોસ્ટ વિભાગ દ્વારા ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ જીપીઓમાં કર્યું ધ્વજવંદન

પોસ્ટ વિભાગ દ્વારા દરેક પોસ્ટ ઓફીસમાં રાષ્ટ્ર ધ્વજ ફરકાવવાની સાથે 'ડાક ચોપાલ'નું આયોજન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

પોસ્ટ વિભાગ દ્વારા ૭૮મો સ્વતંત્રતા દિવસ ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો. અમદાવાદ જનરલ પોસ્ટ ઓફીસમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ધ્વજારોહણ કર્યું અને વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમકાર્ય કરવા માટે ડાકકર્મીઓનું સન્માન કર્યું. ઉત્તર ગુજરાતની તમામ પોસ્ટ ઓફિસોમાંરાષ્ટ્ર ધ્વજ લહેરાવવામાં આવ્યો અને આ અવસરે 'ડાક ચોપાલ'નું આયોજન કરીને લોકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવે તેમના સંબોધનમાં જણાવ્યું કે સ્વતંત્રતા દિવસ માત્ર એક તહેવાર નથી, પરંતુ આદર અને સન્માનનું પ્રતીક છે. રાષ્ટ્ર ધ્વજ રાષ્ટ્રીય અખંડતાનું પ્રતિનિધિત્વ કરે છેઅને દરેક ભારતીયની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. 'હરઘર તિરંગા'અભિયાન હેઠળ, ડાક વિભાગે ઘરે-ઘરે રાષ્ટ્ર ધ્વજ પહોંચાડી દેશભક્તિનો પ્રસાર વધાર્યો છે. દરેક વ્યક્તિ પોત પોતાના ક્ષેત્રમાં ઈમાનદારીથી કાર્ય કરીને અને લોકોને મદદ કરીને દેશની પ્રગતિમાં યોગદાન આપી શકે છે. વધુમાં શ્રી યાદવે જણાવ્યું કે સ્વતંત્રતા દિવસ આપણને આઝાદીને નવા દૃષ્ટિબિંદુથી અનુભવવાની અને અધિકારો સાથે કર્તવ્યોના પ્રત્યે પણ જાગૃત થવાની તક આપે છે. સ્વતંત્રતાના મૂલ્યોને જાણવા અને દેશ માટે બલિદાન આપનારા મહાપુરુષોને યાદ કરવા તેમજ નવી પેઢીને આ કાર્ય માં જોડવા પણ મહત્વપૂર્ણ છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવે ડાક ચોપાલનું શુભારંભ કર્યું અને જણાવ્યું કે પોસ્ટ ઓફિસો સરકાર અને સામાન્ય જનતા વચ્ચે સેવાઓ પ્રદાન કરવાની એક મહત્વપૂર્ણ કડી તરીકે ઉભરી આવી છે. ભારત સરકારની અનેક કલ્યાણ કારી યોજ નાઓ પોસ્ટ ઓફિસો દ્વારા અમલમાં આવે છે. આ સેવાઓને સમાજના તમામ લોકોને પહોંચાડી, આપણે લોકોના અધિકારોને સુનિશ્ચિત કરી શકીએ છીએ અને આપણી ફરજોને પૂરી કરી શકીએ છીએ અને આ જ સ્વતંત્રતા દિવસની સાચી મહત્વતા હશે. તેમણે સુકન્યા સમૃદ્ધિ યોજના અને મહિલાસન્માન બચતપત્ર ના લાભાર્થીઓને પાસબુક વિતરીત કરીને સશક્ત નારી-સમૃદ્ધ સમાજ માટે આહ્વાન આપ્યું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટ વિભાગ પત્ર-પાર્સલ ઉપરાંત બચત બેંક, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સબેંક, ડાકઘરપાસપોર્ટ સેવા કેન્દ્ર, આધાર નોંધણી અને સુધારણાઓ, સામાન્ય સેવા કેન્દ્ર, ડાકઘર નિર્યાત કેન્દ્ર જેવા અનેક જન-મુખી કાર્ય કરી રહ્યું છે. આઈ.પી.પી.બી. દ્વારા, પોસ્ટમેન હવે એક હરતી ફરતી બેંક તરીકે કાર્ય કરી રહ્યા છે. સી.ઈ.ઓ.સિ. હેઠળ ઘરે બેઠા બાળકોના આધાર બનાવવાનું મોબાઈલનંબર અપડેટ કરવાનું, ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ, ડી.બી.ટી., બિલચૂકવણી, એ.ઈ.પી.એસ. દ્વારા બેંક ખાતાથી ચુકવણી, વાહનોના વીમા, આરોગ્ય વીમા, દુર્ઘટના વીમા, અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના જેવી અનેક સેવાઓ આઈ.પી.પી. ના માધ્ય મ થી પોસ્ટમેન દ્વારા ઘરે બેઠા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ૭૮મા સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ આપતા, ડિરેક્ટર ઓફ પોસ્ટલ સર્વિસિસ, સુશ્રી એમ.કે. શાહે સૌને હૃદયપૂર્વક અભિનંદન પાઠ વ્યા. તેમણે તેમના સંબોધનમાં સ્વતંત્ર ભારતમાં ડાક સેવાઓએ જે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, તે પર ભાર મૂક્યો, અનેદેશના વિકાસ અને જોડાણમાં આ સેવાઓના મહત્વપૂર્ણ યોગદાનને રેખાંકિત કર્યું. આ અવસરે, ડિરેક્ટર પોસ્ટલ સર્વિસિસ સુશ્રી એમ કે શાહ, મેનેજર એમ.એમ.એસશ્રી પરમ વીર સિંહ, ચીફ પોસ્ટ માસ્તર શ્રી ગોવિંદ શર્મા, ડેપ્યુટી ચીફ પોસ્ટ માસ્ટર શ્રી રૌતુલ ગાંધી, આસીસ્ટન્ટ ડિરેક્ટર સુશ્રી એમ એ પટેલ,હિસાબી અધિકારીશ્રીપંકજ રત્નેશ્વરી, મદદનીશ હિસાબી અધિકારી શ્રી ચેતન સૈન, મદદનીશ અધિક્ષક શ્રી ધવલ બાવીસી, શ્રી જીનેશ પટેલ, શ્રી રમેશ પટેલ, નિરીક્ષક શ્રી ભાવિન પ્રજાપતિ, કુ. પાયલ પટેલ, શ્રી યોગેન્દ્રરાઠોડ, શ્રીવિપુલ ચૌહાણ, અને ઘણા અન્ય અધિકારી, કર્મચારી અને તેમના પરિવારજનો હાજર રહ્યા અનેસ્વતંત્રતા દિવસને આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો

હિંમતનગર ખાતે મંત્રીશ્રી ડો. કુબેરભાઇ ડિંડોર ની અધ્યક્ષતામાં ૭૮મો સ્વાતંત્રતા પર્વ ધામધૂમ થી ઉજવાયો

વિવિધ સાંસ્કૃતિક કર્યક્રમો શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરાયા

આઝાદીના અમૃતકાળમાં ગુજરાત બમણી ગતિથી વિકાસ કરી રહ્યું છે. :મંત્રીશ્રી ડો. કુબેરભાઇ ડિંડોર

કમલમ્ ન્યુઝ,

સાબર કાંઠાજિલ્લામાં જિલ્લાકક્ષાનો ૧ પમી ઓગસ્ટ સ્વાતંત્રતા પર્વ આદિજાતી વિકાસ અને શિક્ષણ મંત્રીશ્રીડો. કુબેરભાઈ ડીંડોર સાહેબની અધ્યક્ષતામાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ હિંમતનગર ખાતે હર્ષલ્લાસપૂર્વક ઉજવાયો હતો.મંત્રીશ્રી ડો. કુબેરભાઈ ડીંડોર ના વરદ હસ્તે ધ્વજ વંદન કરાયું તેમજ પરેડ નુંનિરીક્ષણકરી લામીઝીલી જિલ્લાવાસીઓને સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવી હતી. આઝાદીના અમૃતકાળમાં ગુજરાત બમણી ગતિથી વિકાસ કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ત્રીજી વખત દેશનું સુકાન સંભાળ્યા બાદ ગુજરાતને અનેક વિકાસ પ્રકલ્પોની ભેટ આપીછે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નિશ્રામાં ગુજરાતમાંદશે દિશાઓમાંવિકાસના કાર્યો થઈરહ્યાછે. જે રાજ્યની વિકાસની સીમાને વધુ ઉજ્વ લઈ જશે. મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી દ્વારા એક પેડમા કેનામ', એમએસએમઈ નોવિકાસ, રાજ્યમાંમજબૂતરેલવે માળખું, આંતર માળખાકિય સુવિધાઓ, સોલાર સહાય, જેવીકેન્દ્ર પ્રસ્કૃત યોજનાઓ અને રાજ્ય સરકાર દ્વારા શ્રમિક અન્ન પુર્ણા યોજના, રેનબસેરા યોજના, મહિલાઓ માટે વિશેષ યોજ નાઓ, ખેડૂત કલ્યાણના પગલાઓ સહિત વડાપ્રધાનશ્રીના જ્ઞાન આધારીત ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના કલ્યાણનેયોજનાની વિગતો આપી હતી. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, આપુનિક સમાજ વિકાસના નિર્માણમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે નારીશક્તિનું સન્માન કરતા બજેટની જોગવાઈ નોઉલ્લેખ કરીને રાજ્યમાં પોષણ, આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહિત કરવાના અભિગમ સાથે નવી શરૂ કરાયેલી નમો લક્ષ્મીયોજના, નમો સરસ્વતીયોજના અને નમોશ્રી યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્લોબલ વોર્મિંગની સમસ્યાઓને ખાળવા માટેરાજ્યમાં હરિયાળીનુંપ્રમાણ વધેતે માટે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષોનું વાવેતર કરીને રાષ્ટ્રીયસ્તરે ગુજરાતે સ્થાપેલાદ્વિતીયમાનનો ગૌરવભેરઉલ્લેખ કર્યો હતો. આ પ્રસંગે દેશભક્તિનો ભાવ પ્રગટ કરતા વિવિધ સાંસ્કૃતિક કર્યક્રમો શાળાના વિદ્યાર્થીઓદ્વારારજૂ કરાયા હતા. મંત્રીશ્રીના હસ્તે વિશિષ્ટ વ્યક્તિઓનું સન્માન, વૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું.તેમજ તાલુકા વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. આ સ્વાતંત્રતા પર્વ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલ, સાંસદ શ્રીમતીશોભનાબેન બારૈયા, શ્રીમતી રમીલાબેન બારા, ઈડર ધારાસભ્ય શ્રી રમણલાલવોરા, હિંમતનગરધારાસભ્ય શ્રી વી. ડી. ઝાલા, પ્રાંતિજ ધારાસભ્યશ્રી ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા કલેક્ટર શ્રી ડો રતનકંવર ગઢવીચારણ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસ વડશ્રી વિજય પટેલ, પ્રાંતસાહેબશ્રી દિપસિંહ ચૌહાણ, અગ્રણી શ્રી કનુભાઈ પટેલ, શ્રી વિજય પંડ્યા, મહિલા અગ્રણી કોશલ્યાબા તેમજ વિવિધ્મલીકરણ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, શિક્ષકગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓહાજર રહ્યા હતા.

નવસારી ખાતે આદિજાતિ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિના અધ્યક્ષસ્થાને ૭૮ મા સ્વાતંત્ર્ય દિવસની આન, બાન, શાન સાથે ઉજવણી

વન બંધુ કલ્યાણ યોજના તથા અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી આદિજાતિ પરિવારોને સર્વાંગી વિકાસ થયો છે .: આદિજાતિ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ

કમલમ્ ન્યુઝ,

ભારતના ૭૮ મા સ્વાતંત્ર્યપર્વની ઠેર-ઠેર ભારે હર્ષોલ્લાસ, ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. નવસારી જિલ્લા કક્ષાની ઉજવણી નવસારી સ્થિત સાંઈ ગરબા ગ્રાઉન્ડ ખાતે રાજ્ય કક્ષાના આદિજાતિ અને ગ્રામવિકાસ મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્ય ક્ષસ્થાને ભારે ઉમંગ-ઉત્સાહ સાથે યોજાઈ હતી. મંત્રીશ્રી કુંવરજીભાઈ હ ળપતિએ રાષ્ટ્ર ભક્તિનાં અનોખા માહોલ વચ્ચે રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપી હતી. આ નિમિત્તે જિલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિની સાંસ્કૃતિક કૃતિઓની જોશભરી પ્રસ્તુતિએ સમગ્ર વાતાવરણને દેશભક્તિની લાગણી અને ઉર્જાથી ભરી દીધું હતું. મંત્રીશ્રી કુંવરજીભાઈ હ ળપતિએ પોતાનાં પ્રવચનમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સહિતનાં સ્વાતંત્ર્ય વીરોનાં બલિદાનને યાદ કરી સ્વતંત્રતા દિવસની શુભ કામના પાઠવતા જણાવ્યું હતું કે, આઝાદી મેળવવાની લડાઈમાં નવસારી નો ફાળો અવિસ્મરણીય રહ્યો છે. નવસારી જિલ્લાના અનેક વીરોએ સ્વતંત્રતા સંગ્રામમાં આપેલા અમૂલ્ય યોગદાનને મંત્રીશ્રીએ યાદ કર્યા હતા. આશુભ અવસરે તેમણે આપણા મહાન દેશને વધુ આગળ લઈ જવા કાર્યરત થવા, તમામ દેશબાંધવોને સાથે લઈને પ્રગતિ સાધવાનો શુભ સંકલ્પ લેવા સૌને અપીલ કરી હતી. રાજ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, ખેડૂતો, યુવાનો, મહિલાઓ, વંચિતો, ગરીબો સૌ કોઈના સર્વસમાવેશક વિકાસના આયામને લક્ષ્યમાં રાખી ગુજરાતની પ્રગતિ થઈ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટિથી આજે સૌ કોઈ વિકાસની મુખ્ય ધારામાંઆવી રહ્યા છે અને વિકસિત ભારતના નિર્માણમાં મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દરેક ગામ, તાલુકો, શહેર અને ગુજરાત રાજ્યના નાગરીકો પોતાનું યોગદાન આપશે તેવી મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

'વિકસિત ભારત ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવાના પથ પર ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે.:મંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિ

મંત્રીશ્રીએ તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરવામાં આવેલ વન બંધુ કલ્યાણ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજના, હળપતિ આવાસ, આદિમજૂથ આવાસ, જંવી યોજનાઓનો થકી આદિજાતિ પરિવારોને સર્વાંગી વિકાસ થઈ રહ્યોછે સાથેગુજરાતે ખેતી-ઉદ્યોગ ક્ષેત્રે સાધેલાસમતોલ, સર્વસમાવેશ વિકાસની વાત કરતા તેમણે નવસારી જિલ્લાના વિવિધ વિભાગોની કામગીરી વિશે વાત કરતા મંત્રીશ્રીએ જિલ્લામા વિવિધ કલ્યાણકારી યોજનાઓ, મહિલા લક્ષી યોજનાઓ, આદિજાતિ વિકાસસહિતવિવિધ યોજનાઓનાં લાભો અને તેનાથીઆવેલા સર્વાંગી વિકાસ વિશે જણાવ્યું હતું. ૭૮ મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે નવસારીના વિકાસ કાર્યો અર્થે રૂ. ૨ પલાખનો ચેકજિલ્લા કલેકટરશ્રી શિખા આણે ને અર્પણ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમનાં અંતમાં મંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાંઆવ્યું હતું. ૭૮ માં સ્વતંત્રતા દિવસની આ જિલ્લા કક્ષાની ઉજવણીમાં ગણદેવીના ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ, નવસારી ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુશીલ અગ્રવાલ, પ્રોબેશનર આઈ.એસઆર વૈશાલી, નિવાસી અધિક કલેક્ટરશ્રી કેતન જોષી , નાયબ કલેક્ટરશ્રીશિવરાજ ખુમણ , નવસારીપ્રાંત અધિકારીડો જૈનમ ઠાકોર , સહિતનાં વિવિધ પદાધિકારીઓ- વરિષ્ઠ અધિકારીઓ- કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ-નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત આજે ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર સેમી કંડક્ટર એન્ડ ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેકચરિંગ તરીકે સ્થાપિત થયું છે :- મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ

દેશને વિકસિત બનાવવા માટે વિકસિત ગુજરાતના નિર્માણના સંકલ્પ સાથે આગળ વધીએ

આઝાદી કા અમૃત મહોત્સવ, મેરી મિટ્ટી મેરા દેશ અને હર ઘર તિરંગા જેવા અભિયાનોથી નેશન ફર્સ્ટની ભાવના જન જનમાં પ્રબળ બની છે

રમત ગમત ક્ષેત્રમાં રોહન.એમ.ચાસિયા જેઓ જન્મથી જ બન્ને પગે ૯૦% દિવ્યાંગ છે. સ્વિમિંગ માટે નેશનલ ગોલ્ડ મેડલ તથા સરદાર પટેલ એવોર્ડ મળેલ છે. તેમજ વર્ષ ૨૦૧૬-૧૭ માં ગુજરાત સરકાર દ્વારા ખેલ પ્રતિભા પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં દિવ્યાંગો માટેના કોસ્ટલ કાયકિંગ કે જેમાં પોરબંદર થી સોમનાથની કુલ ૧૧૭.૨૩ કિલોમીટરની દરિયાઈ સફર માત્ર ૬ દિવસ માં પૂર્ણ કરી ને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. જેમને મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે પ્રશસ્વિપત્ર આપી સન્માનિત કરાયા હતા.

કમલમ્ ન્યુઝ,

૭૮માં સ્વાતંત્ર્ય પર્વ ૧૫મી ઓગષ્ટની સુરત જિલ્લાકક્ષાની ઉજવણી બારડોલી તાલુકા મથકે નાણા અને ઉર્જામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ ધ્વજવંદન કરતા જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા રચાયેલ સંવિધાન અને ગાંધી બાપુની અહિંસાઅને સત્યાગ્રહની વિચારધારા આજે સ્વતંત્ર ભારતના વિકાસનો પાયો બની છે. આપણે સૌ દેશને વિકસિત બનાવવા માટે વિકસિત ગુજરાતના નિર્માણના સંકલ્પ સાથે આગળ વધીએ એમ રાજ્યના નાણાં ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી અને સુરત જિલ્લાના પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું. બારડોલી તાલુકાના આર. એન. જી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, ઈસરોલી ખાતે જીલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વનીઉજવણી દરમ્યિાન પ્રજાજોગ સંબોધન કરતા મંત્રીએ આઝાદીની ચળવળમાં પોતાના પ્રાણોની આહુતિ આપી દેનારા શહીદોને શ્રધ્ધાસુમન અર્પણ કરી વિદેશમાં રહી રાષ્ટ્રધ્વજની ડિઝાઈન કરી સૌપ્રથમ તિરંગો ફરકાવનાર મેડમ કામાનું સ્મરણ કરી શ્રધ્ધાંજલિ અર્પી હતી.દેશમાં થઈરહેલા વિકાસનીઝાંખી કરાવતા જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર ગરીબ, વંચિત અને શોષિતોના પડખે ઊભી છે એમ કહી તેમણે આવાસવિહોણા જરૂરિયાતમંદ ત્રણ કરોડ લોકોને પાકા મકાનો આપવા સરકાર પ્રતિબદ્ધ હોવાનું ઉમેરી તેમણે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા પાચમા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે જે નજીકના ભવિષ્યમાંત્રીજા નંબરની સૌથીમોટી અર્થવ્યવસ્થાબની જશે એમ કહીતેમણે છેલ્લાદસ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે એમ કહ્યું હતું. દેશના નાગરિકોમાં દેશભક્તિની ભાવના બળવત્તર બને એ માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ઉપાડેલા આઝાદી કા અમૃત મહોત્સવ, મેરી મિટ્ટી મેરા દેશ અને હર ઘર તિરંગા જેવા અભિયાનથકી દેશનાજન જનમાં નેશન ફર્સ્ટની ભાવનાપ્રબળ બની છે એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્ય સરકાર દ્વારા તમામ સમાજ ના સર્વાંગી વિકાસ માટે લેવામાં આવી રહેલા પગલાઓ અંગે વિગતે છણાવટ કરી મંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત વિકાસની હરણફાળ ભરી રહ્યું છે જે અંતર્ગત ગરીબ, વંચિત અને શોષિતોની આર્થીક અને સામાજીક સ્થિતિ મજબૂતબને એ માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે એમ કહી તેમણે આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે રૂ. એક લાખ કરોડની આદિવાસી કલ્યાણ યોજના અમલમાં મુકવામાં આવી છે એમ ઉમેર્યું હતું.

તેમણે યુવા વિકાસ અંગે વાત કરતા યુવા કૌશલ વિકાસ યોજના અને સ્ટાર્ટ અપયોજના અંગે વાત કરીઆજે દેશનાયુવાનો રોજગાર આજે નોકરીદાતા બન્યા છે એમ કહી તેમણે મહિલા સશક્તિકરણ માટે સરકાર હરહંમેશ ચિંતા કરી રહી છે એમ કહી મિશન મંગલમ યોજનાથી બહેનો આજે આર્થિક રીતેપગભર બનીછે એમ કહ્યુંહતું. તેમણે નારી વંદન અધિનિયમ થકી રાજયની વિધાનસભા એન્ડ દેશની સંસદમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી છે એમ કહ્યું હતું. ગુજરાતની ઔધોગિક વિકાસ માટેની ઈકો સિસ્ટમ સુદ્રઢ બનતા રાજ્ય વિકાસની હરણફાળ ભરી રહ્યું છે એમ કહી તેમણે ગુજરાત આજે ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર સેમી કંડકટર એન્ડ ઈલેકટ્રોનિક્સ મેન્યુફેકચરિંગ સ્થાપિત થયું છે એમ કહી ગુજરાતમાં આ ક્ષેત્રમાં રૂ. એક લાખ કરોડથીવધુનું રોકાણ થયું છે એમજણાવ્યું હતું.

સ્વતંત્રતા દિવસ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજને સલામી આપી

કમલમ્ ન્યુઝ,

૭૮ મા સ્વતંત્રતા દિવસની શુભસવારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ધ્વજવંદન પછી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવન પરિસરમાં વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે જેકફ્રુટ- ફણસનું વૃક્ષ વાવ્યું હતું. ધ્વજવંદન સમારોહમાં એસ.આર.પી.એફ. જૂથ-૨, અમદાવાદના કંપનીકમાન્ડર તથા જવાનો અને જૂથ-૧૨, ગાંધીનગરના જવાનોએભાગ લીધો હતો. ૧૫ મી ઓગસ્ટના પર્વે રાજભવનના ધ્વજવંદન સમારોહમાં અધિક મુખ્ય સચિવ શ્રી જે.પી. ગુપ્તા રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી અશોક શર્મા, રાજ્યપાલશ્રીના એડીસી લેફ્ટનન્ટ કમાન્ડર મનુ તોમર અને શ્રી કે. સિદ્ધાર્થ (આઈપીએસ), ગાંધીનગરની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ તથા અન્ય શાળાના બાળકો ઉપરાંત રાજભવનના અધિકારીઓ અને કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહિલા ડોક્ટર સાથે રેપ પછી હત્યાની ઘટના સંદર્ભે પશ્ચિમ બંગાળની સરકારે જે રીતે કાર્યવાહી કરી છે તે નિંદનીય છે. – શ્રી ગોપાલ અગ્રવાલ

પશ્ચિમ બંગાળમા મહિલા ડોક્ટર પર હોસ્પિટલમા બળાત્કાર બાદ જઘન્ય રીતે હત્યાના મુદ્દે આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે રાષ્ટ્રીય પ્રવકતાશ્રી ગોપાલભાઇ અગ્રવાલ તેમજ પ્રદેશના મહામંત્રી શ્રીરજનીભાઇ પટેલની અધ્યક્ષતામા પ્રેસ કોન્ફરન્સ યોજાઇ.

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાતપ્રદેશમીડિયાવિભાગએક અખબારી યાદીમા જણાવે છે કે, પશ્ચિમ બંગાળમા મહિલા ડોકટર પર હોસ્પિટલમા બળાત્કાર બાદ જઘન્ય રીતે હત્યાના મુદ્દે આજે પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે રાષ્ટ્રીય પ્રવકતાશ્રી ગોપાલભાઈ અગ્રવાલ તેમજ પ્રદેશના મહામંત્રી અને મુખ્યાલયના ઇન્ચાર્જ શ્રી રજનીભાઈ પટેલની અધ્યક્ષતામા પ્રેસ કોન્ફરન્સયોજાઈ હતી.આપ્રેસ કોન્ફરન્સમા પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી ડો.રૂત્વીજ પટેલ,શ્રી જૈનિકભાઈ વકિલ,શ્રી અશ્વીનભાઈ બેંકર તેમજ પ્રદેશના મીડિયાકન્વીનર શ્રી ડૉ.યજ્ઞેશભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગોપાલભાઈ અગ્રવાલજીએ મીડિયાને સંબોધતા જણાવ્યું કે, પશ્ચિમ બંગાળમા મહિલા ડોકટર સાથે બળાત્કારની ઘટનાથી દેશભરમા આઘાતના પ્રત્યાઘાત પડીરહ્યાછે. આવીનિંદનીય ઘટના સંદર્ભેપશ્ચિમ બંગાળનીસરકારે જે રીતે કાર્યવાહી કરી છે તે નિંદનીય છે. મહિલાટ્રેની ડોક્ટર સાથે ઘટના પછી તેમના પરિવારજનોને ફોન કરી જણાવવામાઆવે છેકે તમારી દિકરીએ આત્મહત્યાકરી છે.તેમના માતા-પિતા હોસ્પિટલ આવ્યા તો તેમને ત્રણકલાક જેટલાસમય સુધી બેસાડી રાખવામા આવ્યા. ટ્રેની ડોક્ટર સાથેરેપ કરીહત્યા કરવાની ગંભીર ઘટનામાપશ્ચિમ બંગાળની પોલીસે કુદરતી મોત થયાનો ફ્રૈઈમાઉલ્લેખ કર્યો.મહિલા ડોક્ટર સાથે આ ઘટના પછી દેશભરમા આક્રોશ જોવા મળ્યોઅને કોલેજના પ્રિન્સીપાલે આ ઘટનાથી રાજીનામુ આપ્યુ અને બીજી હોસ્પિટલમાં તેમને પ્રિન્સીપલના હોદ્દો આપવામાઆવ્યો. આવી નિંદનીય ઘટનાનાઆરોપીઓને ટીમએસીના નેતાઓઅને સ્થાનિક પોલીસ સાથે સબંધ હોવાની વાત પણ બહાર આવી છે. મહિલા ડોકટર હોસ્પિટલના ત્રીજા માળે સેમિનાર હોલમા વાંચન કરવા ગઈ હતી પરંતુ તે જ સ્થળે ડોકટર બેભાન અવસ્થામા જોવા મળી હતી. મહિલા ડૉક્ટર સાથે રેપકરી હત્યા કરવાની ઘટનામાપશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અપરાધીઓને કડક સજા થાયે તે પ્રયાસકરવાનીજગ્યાએ રાજનીતી કરી રહી છે. પ્રિન્સીપાલની ઘટનામા પુછપરછ કરવામા આવી નથી અને તરત જ બીજી હોસ્પિટલમા પણ તેમની નિમણુંક કરવામા આવેછે તેદર્શાવે છે કે આ કેસમા સરકારના નેતાઓ અને પોલીસે પણ આરોપીઓને છાવરી રહી છે.

શ્રી ગોપાલભાઈ અગ્રવાલજીએ વધુમા જણાવ્યું કે, રેપ અને હત્યાના કેસમા સીબીઆઇને તપાસ કેમ ન સોંપી,ફોરેન્સીક એક્સપોર્ટની ટીમ દ્વારા તપાસ તેમજ ઘટના સ્થળનુ રેકોર્ડિંગ તેમજ સબુત મેળવવા પર કાર્યવાહી કરી નહી. આ મુદ્દે હાઇકોર્ટે પણ કડક શબ્દોમા ફટકાર લગાવી છે. મહિલાઓ સાથે રેપ અને હત્યાની ગંભીર ઘટના પશ્ચિમ બંગાળમા વધુ થાય છે કારણ કે મમતા બેનર્જી ટીમ્સીના ગુંડાઓને પ્રોત્સાહીત કરી રહીછે તેને રક્ષણ આપી રહી છે. ૨૦૨૧મા પણ વિરોધી પાર્ટીના સમર્થક હતા તેમને પણએક પ્લાનિંગસાથે કાર્યકર્તાઓ અને ઉમેદવાર મહિલાઓને જાહેરમા નિર્વસ્ત્ર કરવાની ઘટના સામે આવી હતી તેમજ ૧૪ વર્ષની દિકરી પર ૨૦૨૧મા પણ બળાત્કારની ઘટના સામે આવી હતી અને આ ઘટનાના આરોપી ટીએમસીના નેતાના દિકરાએ પીડિતાના પરિવારને બંદૂક બતાવી ધમકાવ્યા હતા. પશ્ચિમ બંગાળમા મમતા બેનર્જી ખૂબ નિદર્ય પુર્વક કામ કરી રહી છે,રાજનીતી થકી દેશને નબળો પાડવાનો પ્રયાસ કરી રહી છે તેમજ ધર્મનિર્પક્ષતાના આધારે બાંગ્લાદેશીઓને બંગાળમા ઘુસાડવામા આવે છે. મમતા બેનર્જી બંગાળમા વોટબેંકની રાજનીતી માટે તૃષ્ટીકરણની રાજનીતી અને હિસંક પ્રવૃતિ કરનારને પ્રોત્સાહિત કરી રહી છે. શ્રી ગોપાલ અગ્રવાલજીએ વધુમા જણાવ્યું કે, મહિલા ડોકટરની નિર્મમ હત્યા પછી વિરોધ પક્ષ અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી ચાર દિવસ પછીટ્વીટ કરે છે જે નાના મુદ્દા પર તરત પ્રેસકોન્ફરન્સ કરતાહોય છે. બંગાળમા આવી ગંભીર ઘટનાઓ દેશને નબળો પાડવાએક ષડયંત્રના ભાગ રૂપે કરવામા આવે છે તેમજ ભારતમા કાયદા-વ્યવસ્થાને તોડવાનુ કામ થઇ રહ્યુ છે તે દુખદ વાત છે. ક્રીમીનલ આરોપીઓને કડક સજા થાય એક ઉદાહરણ રૂપ સજા થવી જોઇએ જેથી કોઇ આવો મોટોઅપરાધ કરવાનુ વિચારે નહી. ભારતીય જનતા પાર્ટી અને દેશભરના લોકો ઇચ્છે કે આ ગંભીર ઘટનાની જવાબદારી મમતાબેનર્જીએ લેવીજોઇએ કારણ કે તે બંગાળમા કાયદો-વ્યવસ્થા જાળવી શકતા નથી. દેશની જનતા આ વાત સમજે અને ધર્મનિર્પક્ષતાના નામે ભારતમા ઘૂસણખોરી કરાવવામાઆવી રહી છે જેનો ઉપયોગ ભારતને નબળુ કરવામા થઇરહ્યોછે. આ ઘટનામા ભાજપા મહિલા અને ડોકટરના સમર્થનમા છે તેમની સાથે છે.

આહવા ખાતે તિરંગો લહેરાવતા મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

ડાંગના જિલ્લા કક્ષાના આહવાના કાર્યક્રમ સાથે વઘઇ તાલુકાનો કાર્યક્રમ ભદરપાડા ગામે અને સુબિરનો કાર્યક્રમ મોખામાળ ખાતે યોજાયો





તેજસ્વી તારલાઓ, શ્રેષ્ઠ કર્મયોગીઓ, વ્યક્તિ વિશેષોનુ કરાયુ સન્માન

'એક પેડ, માં કે નામ' અને 'હર ઘર તિરંગા' સાથે ખડો થયો દેશભક્તિનો અનોખો માહોલ

કમલમ્ન્યુઝ,આહવા

ડાંગ જિલ્લાના આહવાખાતે તિરંગો લહેરાવતા પ્રાથમિક-માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ-ઉચ્ચ શિક્ષણ તથા સંસદીય બાબતોના રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ, સૌને 'સ્વતંત્રતા પર્વ'ની ઉજવણીની શુભકામના પાઠવી હતી. દેશ સમસ્તની જેમ 'એક પેડ, માં કે નામ' અને 'હર ઘર તિરંગા' સાથે ડાંગ જિલ્લામા પણ ખડા થયેલા દેશભક્તિના અનોખા માહોલની સરાહના કરતા મંત્રીશ્રીએ તેજસ્વીતારલાઓ, શ્રેષ્ઠ કર્મયોગીઓ, વ્યક્તિ વિશેષોનુ અભિવાદન-સન્માન પણ કર્યું હતુ. ઉલ્લેખનીય છે કે, ડાંગના જિલ્લા કક્ષાના આહવાના કાર્યક્રમ સાથે વઘઈ તાલુકાનોધ્વજવંદન કાર્યક્રમ ભદરપાડા ગામે, અને સુબિર તાલુકાનો કાર્યક્રમ મોખામાળ ખાતે યોજાયો હતો. આહવા સ્થિત પોલીસપરેડગ્રાઉન્ડખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમ દરમિયાન મંત્રી શ્રી પાનશેરીયાએ ખુલ્લી શણગારેલી જીપમાપરેડ નિરીક્ષણ કરી, પ્રજાજનોનુઅભિવાદન ઝીલી, પ્રજાજોગ ઉદબોધન રજૂ કર્યુ હતુ. કાર્યક્રમના ભાગરૂપેડાંગ પોલીસના જવાનોએ માર્ચ પાસ્ટ યોજી હતી. રાષ્ટ્રધ્વજને અહીં એકવીસ રાયફલોના ફાયરિંગ (હર્ષ ધ્વનિ) સાથે સલામી અપાઈ હતી. મહાનુભાવોએ પોલીસ ગ્રાઉન્ડના પટાંગણમા વૃક્ષારોપણ પણ કર્યુ હતુ. પ્રજાજોગઉદબોદ્ધન દરમિયાન મંત્રીશ્રીપ્રફુલભાઈ પાનશેરીયાએ, ડાંગના વિકાસની રૂપરેખા વર્ણવી હતી. તેમણે જિલ્લામા શિક્ષણ, આરોગ્ય, આદિજાતિવિકાસ, પાણી પુરવઠા, રમત ગમત, ગ્રામ વિકાસ વિગેરેના કાર્યોની વિગતો રજૂ કરી હતી. મંત્રીશ્રીએ 'નશામુક્ત ભારત' માટે સૌને હાંકલ કરીસ્વસ્થ ભાવિ પેઢીના નિર્માણ માટે પણ અનુરોધ કર્યો હતો. તેમણે શુદ્ધહવા, પાણી, અને પર્યાવરણ જેવા કુદરતી સ્ત્રોતોનો સમજપૂર્વક ઉપયોગ કરવાની હિમાયત કરી હતી. મંત્રીશ્રીએ ડાંગ જિલ્લાને શ્રેષ્ઠ મહેસુલી સેવા માટે મળેલા 'ભૂમિ સન્માન' એવોર્ડ, અને હિલ મિલેટ રિસર્ચ વર્ક, દ્રછે, વઘઈ અને કૃષિ વિભાગ, ડાંગને મિલેટ્સ ઈયર સંદર્ભે મળેલા 'સ્કોચ' સિલ્વર એવોર્ડ સહિત ડાંગ પોલીસના સમાજ સુધારણાનાવિવિધ પ્રોજેક્ટ બદલ શુભકામનાઓ પણ પાઠવી હતી. પોતાના પ્રજાજોગ સંદેશમાં મંત્રીશ્રીએ દેશ અને દેશના નાગરિકો વિશ્વમાં સ્વમાનભેર જીવવા માંગે છે. ત્યારે વૈશ્વિક ભાઈચારો એ હરેક ભારતીયોની રગે રગમા વ્યાપ્ત છે તેમ જણાવી, ભારત વર્ષનીસાંસ્કૃતિક વિરાસતના જતન સંવર્ધનને સમર્પિત દેશવાસીઓની વિભાવના સ્પષ્ટ કરી હતી. નમો લક્ષ્મી અને નમો સરસ્વતિ જેવી કન્યા શિક્ષણની યોજનાઓની વિગતો રજૂ કરતા મંત્રીશ્રીએ દેશની ઈકોનોમિ, વિશ્વની ઈકોનોમિ સાથે પ્રથમ ત્રણમાં સ્થાન પામે તેવા પ્રયાસોની રૂપરેખા રજૂ કરી હતી. પ્રાકૃતિક ડાંગ ની વિભાગના સ્પષ્ટ કરતા મંત્રીશ્રીએ આઝાદી બાદ સને ૨૦૪૭ સુધી દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના અભિયાનનો ખ્યાલ આપ્યો હતો. સ્વાતંત્ર્ય પર્વ ઉજવણીના ભાગરૂપે આહવા તાલુકાના વિકાસમાટે ?૨૫ લાખ, અને સુબિર તથાઆહવા તાલુકાને રૂપિયા પાંચ પાંચ લાખનુ વિશેષ અનુદાન પણ અર્પણ કરાયુ હતુ.

દરમિયાન ડાંગ પોલીસ દ્વારા પરેડ કમાન્ડર શ્રી રમેશભાઈ આહિરેની રાહબરી હેઠળ હથિયારી પોલીસ, અને મહિલા પોલીસ, પોલીસબેન્ડ, હોમગાર્ડ, અને ગ્રામ રક્ષક દળના જવાનોની માર્ચ પાસ્ટ અને પરેડ યોજાઈ હતી. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ રમતવીરો, શિક્ષકો, 'એક પેડ, માં કે નામ' અને 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત યોજાયેલી વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓ, કાર્યક્રમો કરનારી શાળાઓ, બોર્ડની પરીક્ષાઓમા સો ટકા પરિણામ લાવનાર શાળાઓ, પ્રતિભાશાળી શિક્ષકો, યોગાચાર્યો, પોલીસ કર્મીઓ,આરોગ્ય કર્મીઓ વિગેરેનુ જાહેર સન્માન કરાયુ હતુ. કાર્યક્રમના ઉદઘોષક તરીકે શિક્ષક શ્રી વિજય ખાંભુ અને અન્ય ગુરૂજનોએ સેવા આપી હતી. આહવાના જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કાર્યક્રમમા ડાંગના વાસુરણા, લિંગા અને પિમ્પરીના રાજવીશ્રીઓ, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ સહિત સ્થાનિક પદાધિકારીઓ, કલેકટર શ્રી બી.બી.ચૌધરી, પોલીસઅધિક્ષક શ્રી યશપાલ જગાણિયા, નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારી, પ્રાંત અધિકારી શ્રી સાગર મોવાલિયા, નાયબ જિલ્લા વિકાસઅધિકારી શ્રી હિરલ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીજ્ઞેશ ત્રિવેદી સહિતના વરિષ્ઠ જિલ્લા અધિકારીઓ, તાલુકા/જિલ્લાના હોદ્દેદારો, સમાજ સેવકો, નગરશ્રેષ્ઠીઓ, નગરજનો, શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ, શાળા/મહાશાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

ગુજરાત સમર્પણ આશ્રમ મહુડીમાં ઉત્સાહભેર સ્વાતંત્ર્ય દિવસ ઉજવાયો





કમલમ્ ન્યુઝ,

ગુજરાત સમર્પણ આશ્રમ, મહુડીમાં ૭૮ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી. ગુરુતત્વ આંતરરાષ્ટ્રીય મંચના ડિરેકટર શ્રી અંબરીશજી મોડક દ્વારા રાષ્ટ્રીય ધ્વજ લહેરાવવામાં આવ્યો. હિમાલયન ધ્યાન યોગ પરિવારમાંથી બહુ સંખ્યામાં ભાઈઓબહેનો ઉપસ્થિત રહ્યા. હિમાલયન ધ્યાનયોગના ૬૫ દેશોમાં નિઃશુલ્ક ધ્યાન કેન્દ્રો છે જ્યાં કોઈપણ મનુષ્ય જાતિ, ધર્મ લિંગ, ભાષા ના ભેદભાવ વગર ધ્યાન કરવા માટે જઈ શકે છે.તિરંગો લહેરાતાજ ઉપસ્થિત સર્વે ભાઈ બહેન આનંદથી ગદ્ગદિત થઈ ગયા. દેશભક્તિના ગીતો સાથે દેશભક્તિ ના રંગ થી રંગાઈ ગયા. રાષ્ટ્રગીત નું ગાન કરવામાં આવ્યું. શ્રી અંબરીશ જી દ્વારા રાષ્ટ્ર માટે પોતાનું યોગદાન આપવા માટે આહવાન કરવામાંઆવ્યું. તે માટે વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન અથવા કોઈપણ રાષ્ટ્રહિતના કાર્ય સાથે જોડાવાનું આહવાન કરવામાં આવ્યું. આમ અત્યંત ઉત્સાહભેર સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીકરવામાં આવી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028